મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો ૨૨ અધિનિયમ)ની કલમ - ૩૩(૧)(બી) મુજબનું હુકમ

ડીસી/પીઓએલ/એમએજી/કોર.આર.૧૭/૧૧
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
ગાયત્રીજ સર્કલ, આશ્રમ રોડ,
અમદાવાદ. તા. ૫/૫/૧૧

અમદાવાદ (ગ્રામ્ય)જિલ્લાના સરખેજ પો. સ્ટેશન વિસ્તારના સનાથલ સર્કલથી શાંતિપુરા સર્કલ વચ્ચે ટોલ ટેક્સ પ્લાઝા આવેલ છે. જે માત્ર ફક્ત ૧ કિલોમીટર જેટલો છે. ટેક્સ નહીં ભરવા માટે ભારે વાહનો સનાથલ સર્કલથી ઉજાળા સર્કલ સરખેજ-સાણંદ ચાર રસ્તા થઈ શાંતિપુરા સર્કલ તરફ તેમજ શાંતિપુરા સર્કલ-સરખેજ- સાણંદ ચાર રસ્તા થઈ ઉજાળા સર્કલ થઈ સનાથલ સર્કલ તરફ જતા હોવાનું જણાયેલ છે. જેના કારણે સરખેજ - સાણંદ ચાર રસ્તા તેમજ ઉજાળા સર્કલ પાસે વારંવાર ટ્રાફિક જામ થવાની શક્યતા હોઈ,

વાસ્તે હું કે.કે.કુમાર , અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ મુંબઈ પોલીસ અધિનિયમ (૧૯૫૧નો ૨૨મો અધિનિયમ)-૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી)થી મને મળેલા અધિકારની રૂએ શાંતિપુરા તેમજ સનાથલ સર્કલથી સવારે ૭-૦૦ કલાકથી રાત્રીના ૨૨-૦૦ કલાક દરમ્યાન ભારે વાહનો (ચાર કે તેથી વધુ પૈડા વાળા યાંત્રિક શક્તિથી ચાલતા વાહનો) સરખેજ તરફ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ - ૧૩૧ મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ સને -૧૮૬૦નો અધિનિયમ નં. ૪૫)ની કલમ - ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી ફરમાવું છું કે, જાહેર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ હુકમની નકલો ચોંટાડી પ્રસિધ્ધ કરવી તેમજ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવી.

આજ તારીખ ૫/૫/૧૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

(કે.કે.કુમાર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અમદાવાદ

ADDITIONAL DISTRICT MAGISTRATE AHMEDABAD

નકલ રવાના :-
(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ
૨/- સદરહુ જાહેરનામાની નકલો તમામ પોલીસ સ્ટેશને પહોંચાડવા વિનંતી છે.
(૨)સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી દસ્ક્રોઈ : વિરમગામ / ધોળકા.
(૩)વિભાગીય પોલીસ અધિકારીશ્રી ધોળકા / વિરમગામ / સરખેજ.
(૪) એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી સીટી / દસક્રોઈ / ધંધુકા / ધોળકા / સાણંદ / વિરમગામ / માંડલ / રાણપુર બાવળા / બરવાળા / દેત્રોજ.
(૫)મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા ભાગ — ૧ માં પ્રસિધ્ધ કરવા સારુ.
(૬)સંયુક્ત માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, પોલીટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ તરફ.
૨/- સદરહુ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ સ્થાનિક દૈનિકોમાં વિના મૂલ્યે પ્રસિધ્ધિ કરાવવા સારુ.

નકલ સાદર રવાના :-
રજિસ્ટ્રારશ્રી, અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કોર્ટ, ભદ્ર, અમદાવાદ તરફ.

પોલીસ અધિકારીની કચેરી
અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ. કંટ્રોલ રૂમ
નોંધણી ક્રમાંક નં. 430
તારીખ: 16 MAY 2011
સમય:
સહી